ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૧/૧૯–૨૦/ 4630 તારીખ : 21 NOV 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મહમદ યાસીન સરવરખાન પઠાણ,**
કુંભારવાડા, નારી રોડ,
બોરીચા નિવાસ, રૂમ નં.૯,
ભાવનગર.
**મો.નં. ૭૦૧૬૩ ૭૯૮૯૧.**

કેસ નં.૭૧/૧૯–૨૦

**વિષય : કપાયેલ વીજ કનેકશન ચાલુ કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૫.૦૯.૨૦૧૯
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૧૯–૨૦/૩૮૬૮ તા.૦૧/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૧૯–૨૦/૪૩૨૪ તા.૦૧/૧૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૩/૧૧/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, **ભાવનગર શહેર–૧.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કુંભારવાડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

## કેઈસ નંબર – ૭૧/૧૯–૨૦

વાદી :– મહમદ યાસીન સરવરખાન પઠાણ

વિરૂઘ્ધ

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૧૩.૧૧.૨૦૧૯**

હાજર રહયા :– મહમદ યાસીન સરવરખાન પઠાણ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી ટી. એમ. પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મહમદ યાસીન સરવરખાન પઠાણ, મુ.ભાવનગર, તા.જી.ભાવનગરની કપાયેલ વીજ કનેકશન ચાલુ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૧/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૧/૧૯–૨૦/૩૮૬૮ તા.૦૧.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૩.૧૧.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી મહમદ યાસીન સરવરખાન પઠાણ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી. એમ. પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારો ગ્રાહક નં.૮૯૯૩૪/૦૨૬૭૦/૦ મહંમદ યાસીન સરવરખાન પઠાણ નામનું કનેકશન ધરાવું છું. છેલ્લા ૧૦ વર્ષથી અમારે આર.સી. રોડ બનતો હોય એટલે અમોએ ટેમ્પરરી રોડને લીધે અમારી દુકાન બંધ હોય, અમો છેલ્લા બે બીલ ભરેલ ન હોય, અમોને કોઈપણ જાતની જાણ વગર અમારૂ કાયમી કનેકશન રદ કરેલ છે.

૧.૨ તો આપ સાહેબને જણાવવાનું કે, અમારૂ આ કનેકશન ચાલુ કરાવી આપવા નમ્ર વિનંતી. અમોએ બધા જ પૈસા ભરેલ છે છતાં કોઈપણ બાકી પૈસા હોય વ્યાજ સાથે હું ભરવા તૈયાર છું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અત્રેની કચેરીના તાબા હેઠળના કુંભારવાડા સ.ડી.ના થી શ્રી મહમદયાસીન સરવરખાન પઠાણ રહે. કુંભારવાડા, નારીરોડ, બોરીચા નિવાસ, રૂમ નં.૯, ભાવનગર કુંભારવાડા સબ ડીવીઝન ખાતેની કપાયેલ વીજ કનેકશન ચાલુ કરી આપવા બાબતની ફરીયાદના અનુસંધાને નીચે મુજબની ગ્રાહકની રજુઆત છે અને ગ્રાહકનો ટુંકો ઈતિહાસ તથા સબ ડીવીઝન દવારા અપાયેલ કોમ્પ્લાયન્સના મુદ્દા નીચે મુજબ છે.

૨.૨ ગ્રાહક નું નામઃ– શ્રી મહમદયાસીન સરવરખાન પઠાણ
રહે. કુંભારવાડા, નારીરોડ, બોરીચા નિવાસ, રૂમ નં.૯, ભાવનગર.
કેટેગરીઃ– એન.આર.જી.પી. (૧ કી.વો.)
ગ્રાહક નં.૮૯૯૩૪/૦૨૬૭૪/૦ કુંભારવાડા, નારીરોડ, બોરીચા નિવાસ, રૂમ નં.૯, ભાવનગર.
૩ ફેઈઝ ડેઈટ ઓફ કનેકશન : ૭/૧/૨૦૧૬. હાલ એન.પી.ડી.સી. તા.૮/૨/૨૦૧૯ ના રોજ થયેલ છે. પી.ડી.સી. તા.૨૮/૮/૨૦૧૯

૨.૨ પ્રાસંગિક મુદ્દા નીચે મુજબ છે.જાન્યુઆરી–૨૦૧૯ દરમ્યાનની વીજબીલની બાકી લેણી રકમ રૂા.૧૬૫૦.૭૦ બાકી હોય, ગ્રાહકશ્રી દવારા માર્ચ–૧૮ થી કોઈ પેમેન્ટ કરવામાં આવેલ નહી. તેમજ ગ્રાહકનું વીજ પ્રસ્થાપન સ્થળ કાયમી લોક રહેતું હોય (માર્ચ–૧૮ થી ઓકટો–૧૮) તથા ગ્રાહક દવારા વીજબીલની રકમ ભરપાઈ ન કરેલ હોય, તા.૦૮.૦૨.૨૦૧૯ ના રોજ ગ્રાહકશ્રીના વીજજોડાણનો સર્વિસવાયર ઉતારી લઈ, કુંભારવાડા પેટા વિભાગીય કચેરીએ જમા લઈ, ગ્રાહકશ્રીના વીજ પ્રસ્થાપનનો વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ. સદર સ્થળ પર ગ્રાહકશ્રીના કહેવા મુજબ નવો રસ્તો બનતો હોય દુકાન આશરે દોઢ વર્ષથી બંધ હતી. (સદર કનેકશન વાળી જગ્યા મફતનગરમાં આવેલી હોય ત્યાં સ્થળ પર નવા પાકા રસ્તા બનતા ડીમોલીશન કરવામાં આવેલ અને તે સમયે સદર દુકાન બંધ કરવામાં આવેલ અને આશરે દોઢ વર્ષ બંધ રહેલ)

૨.3 ત્યારબાદ ગ્રાહકશ્રીને કુંભારવાડા સ.ડી. દવારા જાવક નં.૬૦૭ તા.૧૫/૦૨/૨૦૧૯ ના રોજ થી તેમનું સદર વીજજોડાણ ફરી શરૂ કરવા માટે અને વીજબીલના નાણા ભરપાઈ કરવા માટે આખરી નોટીસ પણ આપવામાં આવેલ. સદર નોટીસ જીઈઆરસી નોટીફીકેશન–૨૦૦૫ ના કલોઝ ૮.૭.૪ મુજબ આપવામાં આવેલ. પરંતુ સદર બાકી વીજબીલના નાણાનું ભરણું ગ્રાહકશ્રી દવારા ન કરવામાં આવતા તેમનું વીજજોડાણ કાયમી ધોરણે રદ કરી, ગ્રાહકશ્રીના વીજજોડાણની ગ્રાહક સ્થિતી "થ" કરવામાં આવેલ. (૨૬–૩–૨૦૧૯)

ગ્રાહકશ્રીના વીજપ્રસ્થાપન પરથી તા.૨૮/૦૮/૨૦૧૯ ના રોજ વીજમીટર ઉતારી લઈ તેમનું કાયમી ધોરણે રદ થઈ ગયેલ"થ" સ્થિતી ધરાવતું સદર વીજજોડાણ તા.૨૮/૦૮/૨૦૧૯ ની અસરથી "શ" સ્થિતીમાં કંપનીના નિયમોનુસાર કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે. ગ્રાહકશ્રી દવારા રૂા.૮૦૦/– તા.૨૭–૬–૨૦૧૯ ના રોજ ભરપાઈ કરવામા આવેલ(૨૬–૩–૨૦૧૯).

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L Bhavnagar.

૨.૪ ત્યારબાદ ગ્રાહકશ્રીને કુંભારવાડા સ.ડી. દવારા જાવક નં.૬૦૭ તા.૧૫/૦૨/૨૦૧૯ ના રોજ થી તેમનું સદર વીજજોડાણ ફરી શરૂ કરવા માટે અને વીજબીલના નાણા ભરપાઈ કરવા માટે આખરી નોટીસ પણ આપવામાં આવેલ. સદર નોટીસ જીઈઆરસી નોટીફીકેશન–૨૦૦૫ ના કલોઝ ૮.૭.૪ મુજબ આપવામાં આવેલ. પરંતુ સદર બાકી વીજબીલના નાણાનું ભરણું ગ્રાહકશ્રી દવારા ન કરવામાં આવતા તેમનું વીજજોડાણ કાયમી ધોરણે રદ કરી, ગ્રાહકશ્રીના વીજજોડાણની ગ્રાહક સ્થિતી "Y" કરવામાં આવેલ. (૨૬–૩–૨૦૧૯)

ગ્રાહકશ્રીના વીજપ્રસ્થાપન પરથી તા.૨૮/૦૮/૨૦૧૯ ના રોજ વીજમીટર ઉતારી લઈ તેમનું કાયમી ધોરણે રદ થઈ ગયેલ"Y" સ્થિતી ધરાવતું સદર વીજજોડાણ તા.૨૮/૦૮/૨૦૧૯ ની અસરથી "X" સ્થિતીમાં કંપનીના નિયમોનુસાર કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે. ગ્રાહકશ્રી દવારા રૂા.૮૦૦/– તા.૨૭–૬–૨૦૧૯ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ હતાં. મીટર ઉતરેલ ત્યારે જે રીડીગ આવેલ તે અને લેઝરમાં આવેલ રીડીગના તફાવતની રકમ ડેબીટ કરીને સદર ગ્રાહકશ્રીની ડીપોઝીટમાંથી એડજસ્ટ કરેલ છે. આમ હાલ કોઈ રકમ બાકી રહેતી નથી.

૨.૫ આમ, સદર કેસમાં ગ્રાહકશ્રી પીડીસી થવાથી હાલ નવું વીજજોડાણ માટે કાર્યવાહી કરવાની થાય છે. સદર કેસની મુદત તા.૧૩/૧૧/૧૯ ના રોજ હોય સદર જવાબની નકલ આ સાથે ગ્રાહકશ્રીને આજરોજ મોકલવામાં આવેલ છે. આ સાથે કલેકશનની વિગત, મીટર ઉતરેલ પ્રફોર્મા અને લેઝર કોપી સામેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મહમદયાસીન પઠાણ, ભાવનગર શહેરમાં NRGP ટેરીફ હેઠળ ૧ KW નું કોમર્શીયલ વીજજોડાણ ૮૯૯૩૪/૦૨૬૭૪/૦ થી ધરાવે છે.

૩.૨ વાદીનાં વીજ વપરાશ સામે જાન્યુ.–૧૯ ના રોજ વીજબીલની બાકી લેણી રકમ રૂા.૧૬૫૦.૭૦ પૈસા હોવાથી, પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ તા.૦૮.૦૨.૨૦૧૯ ના રોજ કાપેલ.

૩.૩ પ્રતિવાદીએ રૂા.૧૬૫૦.૭૦ ની ડી.પી.સી. સહીત રકમ વસુલ કરવા માટે તા.૧૫.૦૨.૧૯ ના રોજ વાદીને આખરી નોટીસ આપેલ, જેમાં જણાવેલ કે "આપનું વીજજોડાણ બંધ કર્યા તા.૦૮.૦૨.૧૯ થી ૬ માસ મુદત સુધીમાં કંપનીની લેણી નીકળતી રકમ પુનઃ જોડાણ ચાર્જ સાથે ભરી ચાલુ કરાવશો." તેમજ તેવું જણાવેલ કે જો રકમ નહી ભરવામાં આવે તો આપનું વીજજોડાણ કાયમી ધોરણે રદ કરવામાં આવશે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૪ પ્રતિવાદીએ વાદીનાં બીલ વપરાશ અંગેનો તેમજ પેમેન્ટ કર્યા અંગેનો પી.આર.ટી.–૧૪૫ રજુ કરતાં જણાય છે કે પ્રતિવાદીએ જાન્યુ.–ફેબ્રુ. માસ દરમ્યાન ૧૪૪૬/– રૂપિયા વાદીનાં ખાતામાં જમા આપતાં, માર્ચ–૧૯ ના અંતે વાદી પાસેથી રૂ.૫૦૪.૭૦ ની રકમ લેણી નીકળે છે. તેમજ વાદીએ તા.૨૭.૦૬.૧૯ ના રોજ પ્રતિવાદીને તેમની બાકી નીકળતી લેણી રકમ સામે રૂ.૮૦૦/– ભરપાઈ કરેલ છે જેથી મે–જુન બીલ્ડ ઈન જુલાઈ–૧૯ ના અંતે એટલે કે તા.૧૮.૦૭.૧૯ એ વાદીનાં ખાતામાં રૂ.૨૯૫.૩૦ જમા છે.

૩.૫ ઉપરોક્ત તારણ નં.૩.૩ માં જણાવેલ પ્રતિવાદીએ તેમની આખરી નોટીસ મુજબ વાદીએ ઓગસ્ટ–૧૯ પહેલા બાકી નીકળતી રકમ પ્રતિવાદીને ભરપાઈ કરવાની થતી હતી, જે વાદીએ તા.૨૭.૦૬.૧૯ ના રોજ ભરપાઈ કરી અને રૂ.૨૯૫/– વાદીનાં ખાતામાં ક્રેડીટ હતાં, તેમ છતાં પ્રતિવાદીએ તા.૨૮.૦૮.૧૯ ના રોજ વાદીનાં વીજ સ્થાપનનું મીટર ઉતારીને કાયમી ધોરણે રદ કરેલ છે.

૩.૬ ઉપરોક્ત તારણ નં.૩.૫ મુજબ તા.૨૭.૦૬.૧૯ ના રોજ વાદી સામે કોઈપણ પ્રકારની વીજબીલની રકમ બાકી ન હોવા છતાં અને પ્રતિવાદીએ આપેલ નોટીસનો સમય પુરો ન થવા છતાં, પ્રતિવાદીએ નોટીસનો સમય પુરો થયા પહેલા તા.૨૮.૦૮.૧૯ ના રોજ વાદીનાં વીજજોડાણનું મીટર ઉતારી અને કાયમી ધોરણે રદ કરેલ છે, જે નિયમ મુજબ નથી. આથી પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ દિવસ–૧૫ માં પુનઃ સ્થાપન કરી અને રી–કનેકશન ચાર્જ વસુલી તેમજ જુના મીટરમાં જોવા મળેલ રીડીંગ મુજબ થતું વીજબીલની રકમ વસુલ કરી, દિવસ–૧૫ માં વાદીનું વીજજોડાણ ચાલુ કરી આપવું.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૩.૧૧.૨૦૧૯**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.